# સમાજને ઉપયોગી થવાની દિશામાં વધુ એક કદમ...

**૧૭ વર્ષથી અવિરત ચાલતા આ સેવાયજ્ઞનો લાભ વધુ ને વધુ લોકોને મળે તે હેતુથી તાજેતરમાં જ આ હોસ્પિટલમાં અદ્યતન સુવિધાઓ સાથેની કેથલેબ શરૂ કરવામાં આવી છે. આ કેથલેબના ઉદ્‌ઘાટન પ્રસંગે સમાજના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સેવાયજ્ઞને બિરદાવી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.**







આપણો ભારતદેશ વિરોધાભાસોનો દેશ છે. આમ તો આ બાબત ઘણાં વર્ષોથી ચર્ચાતી રહી છે પણ છેલ્લા થોડા સમયથી આ બાબત આંખે ઉડીને વળગે તે રીતે સામે આવી છે. કદાચ આ જ કારણ છે કે આપણા દેશની સરકારનો વિકાસલક્ષી અગ્રતાક્રમ ભલે ન બદલાય પણ પ્રજાની સમસ્યાનો અને ખાસ કરીને પ્રાથમિક જરૂરિયાતોનો અગ્રતાક્રમ સમયે સમયે ચોક્કસ બદલાતો રહ્યો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે એક સમય 'રોટી, કપડા ઔર મકાન' એ આપણી પ્રાથમિક જરૂરિયાતો હતી. એ સિવાય મોંઘવારીની સમસ્યા આપણને અકળાવી મૂકતી હતી.

પરંતુ હવે બદલાતા સમયની સાથે જેમ બીજું ઘણુંબધું બદલાયું છે તેમ પ્રાથમિક જરૂરિયાતોની આ યાદીનું સ્વરૂપ પણ બદલાયું છે. હવે આ યાદીમાં શિક્ષણ, આરોગ્ય અને પાણી જેવી બાબતો પણ ઉમેરાઇ ગઇ છે કારણ કે આજના વ્યવસાયીકરણના જમાનામાં આ બધી બાબતોનું ખાનગીકરણ થઇ જતાં તે આમઆદમીની પહોંચની બહાર થઇ ગઇ છે.

આ જે પરિસ્થિતિ ઊભી થઇ છે તેનું પરિણામ એ આવ્યું છે કે વ્યવસાયીકરણની અસરમાંથી લગભગ કોઇ ક્ષેત્ર બાકાત રહ્યું નથી અને તેની સૌથી માઠી અસર આમપ્રજા અને એમાં પણ સૌથી છેવાડાના માનવીના જીવનધોરણ પર પડી છે. સમાજના આ વર્ગનું જીવન દોહ્યલું થઇ ગયું છે એમ કહેવામાં પણ કોઇ અતિશયોક્તિ નથી. આનું મહત્ત્વનું કારણ એ છે કે આ બધી સેવાઓ અતિ મોંઘી થઇ ગઇ છે.

આ સેવાઓ પૈકી આરોગ્યની સેવાનું ઉદાહરણ જ આ આખી વાતને સમજવા માટે પૂરતું છે. આ ક્ષેત્રે પણ હાર્ટ સર્જરીઝ તો વિચારી પણ ન શકાય એટલી મોંઘી થઇ ગઇ છે. આ સંજોગોમાં શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, રાજકોટ છેલ્લા ૧૭ વર્ષથી સમાજના જરૂરિયાતમંદ લોકો માટે આશાનું એકમાત્ર કિરણ બની રહી છે.

છેલ્લા ૧૭ વર્ષથી અવિરત ચાલતા આ સેવાયજ્ઞનો લાભ વધુ ને વધુ લોકોને મળે તે હેતુથી તાજેતરમાં જ આ હોસ્પિટલમાં અદ્યતન સુવિધાઓ સાથેની કેથલેબ શરૂ કરવામાં આવી છે. આ કેથલેબના ઉદ્‌ઘાટન પ્રસંગે સમાજના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સેવાયજ્ઞને બિરદાવી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી. આમ પણ નિઃસ્વાર્થ સેવાકાર્યને સમાજનો સાથ-સહકાર અને શુભેચ્છાઓ આસાનીથી મળતાં જ હોય છે.

આ પ્રસંગે અકિલા ન્યૂઝપેપરના કિરીટ ગણાત્રા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આ કેથલેબનું વિધિવત્ લોકાર્પણ કર્યું હતું. તે ઉપરાંત દેશવિદેશમાં ખ્યાતિપ્રાપ્ત કાર્ડિયોલોજિસ્ટ ડો. સમીર દાણીએ પણ ઉપસ્થિત રહી આ અનોખા સેવાયજ્ઞને બિરદાવ્યો હતો.

આજના સ્વાર્થના પ્રાધાન્યવાળા યુગમાં ચાલતો આ સેવાયજ્ઞ ખરેખર અનોખો છે. શ્રી સત્ય સાઈ બાબાના માર્ગદર્શક સિદ્ધાંતોના આધારે ચાલતી શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, રાજકોટ માત્ર ગુજરાતની જ નહીં બલકે પશ્ચિમ ભારતની આ પ્રકારની એકમાત્ર હોસ્પિટલ છે. તમામ પ્રકારની અદ્યતન સુવિધાઓ ધરાવતી આ હોસ્પિટલમાં એકમાત્ર બિલબુક રાખવામાં આવી નથી. મોંઘી હાર્ટ સર્જરીઝ વિનામૂલ્યે કરવામાં આવતી હોવાથી આ હોસ્પિટલ 'દિલ વિધાઉટ બિલ' તરીકે પણ જાણીતી છે. અત્યારસુધી ૧૦ હજારથી વધુ હાર્ટ સર્જરીઝ વિનામૂલ્યે થઇ ચૂકી છે. આ સંજોગોમાં આ કેથલેબ એ સમાજને ઉપયોગી થવાની દિશામાં વધુ એક કદમ ગણી શકાય.